**Extra No. 24**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] TUESDAY, JANUARY 13, 2026 / PAUSHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

**વંચાણે લીધાં:-**

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫

(૪) રાજ્ય ચૂંટણી આયોગના હાલોલ તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૭/૮-હાલોલ- તા.પં.-૨૦૧૫, તા.૦૨/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના હાલોલ તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક- રાચઆ-સમક-યુનિટ-૫-હાલોલ-તા.પં-વારાફરતી ફાળવણી આદેશ-૨૦૨૦, તા.૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: KPV-55-DC-ELC-L-4-TP-24-2025, તા. 09/09/2025

**ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/હાલોલ તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ ૮/૨૦૨૬.**

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ ડ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ નો ગુજરાતનો ૧૮ મો ) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ હાલોલ તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે હાલોલ તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ ના ફકરા ૧૧ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૫. આ સંબંધે હાલોલ તાલુકા પંચાયત માટે વર્ષ ૨૦૨૦માં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: KPV-55-DC-ELC-L-4-TP-24-2025, તા. 09/09/2025 થી હાલોલ તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા | ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા | | | | સ્ત્રીઓ માટે અનામત બેઠકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. વર્ગ | સામાન્ય (બિનઅનામત) | અ. જા. (કોલમ નં. ૪ પૈકી) | અ. .જ. જા. (કોલમ નં. ૫ પૈકી) | સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી) | સામાન્ય (કોલમ નં. ૭ પૈકી) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| પંચમહાલ | હાલોલ | ૨૪ | ૧ | ૮ | ૩ | ૧૨ | ૦ | ૪ | ૨ | ૬ |

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચનાઓ ધ્યાને લઇ હાલોલ તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ હાલોલ તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. હાલોલ તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૭/૮-હાલોલ- તા.પં.-૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫ ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/હાલોલ તા.પં./વારાફરતી ફાળવણી /યુનિટ-૮/૨૦૨૬, તા.૧૩/૧/૨૦૨૬નું સાંધણ**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામઃ પંચમહાલ** **તાલુકા પંચાયતનું નામઃ હાલોલ**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩ | ૪ (૧) | ૪ (૨) | ૫ (૧) | ૫ (૨) | ૬ |
| ૧. | હાલોલ | ૨૪ | ૧ | અભેટવા | ૧૪ | ૧૮ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૨ | બાસ્કા | ૧૨ | ૯ | સામાન્ય સ્ત્રી |
| | | | ૩ | ચાંપાનેર | ૮ | ૮ | સામાન્ય સ્ત્રી |
| | | | ૪ | ઢીંકવા | ૧૩ | ૧૩ | સામાન્ય સ્ત્રી |
| | | | ૫ | ઘનસર | ૧૮ | ૧૫ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | | ૬ | કણજરી | ૨ | ૧૯ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૭ | કથોલા | ૧૫ | ૫ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | | ૮ | મદાર | ૨૦ | ૧૬ | સા.શૈ. પછાતવર્ગ |
| | | | ૯ | મસવાડ | ૬ | ૧૭ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૧૦ | મોટી ઉમરવાણ | ૧૧ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૧૧ | નવાગામ | ૨૧ | ૨ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૨ | પાલનપૂર | ૨૪ | ૭ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૩ | પ્રતાપપુરા | ૭ | ૨૪ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૧૪ | રામેશરા | ૧૬ | ૧૦ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૫ | રવાલીયા | ૨૩ | ૬ | બિન અનામત સામાન્ય |

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩ | ૪ (૧) | ૪ (૨) | ૫ (૧) | ૫ (૨) | ૬ |
| | | | ૧૬ | સાથરોટા | ૫ | ૨૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૧૭ | શિવરાજપૂર | ૯ | ૪ | સામાન્ય સ્ત્રી |
| | | | ૧૮ | તલાવડી | ૧૭ | ૧૧ | સામાન્ય સ્ત્રી |
| | | | ૧૯ | તરખંડા | ૪ | ૨૩ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૨૦ | ઉજેતી | ૧૦ | ૨૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૨૧ | વડાતલાવ | ૧ | ૩ | સામાન્ય સ્ત્રી |
| | | | ૨૨ | વાઘબોડ | ૨૨ | ૧૨ | બિન અનામત સામાન્ય |
| | | | ૨૩ | વાંકડીયા | ૧૯ | ૧૪ | બિન અનામત સામાન્ય |
| | | | ૨૪ | વરસડા | ૩ | ૨૨ | અનુસૂચિત જાતિ |

**આર. જી. ગોહિલ,**
સચિવ.

----------

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

**વંચાણે લીધાં:-**

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫

(૪) રાજ્ય ચૂંટણી આયોગના જાંબુઘોડા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૭/૮-જાંબુઘોડા- તા.પં.-૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના જાંબુઘોડા તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક- રાચઆ- સમક- યુનિટ- ૫-જાંબુઘોડા- તા.પં- વારાફરતી ફાળવણી આદેશ-૨૦૨૦, તા. ૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: KPV-55-DC-ELC-L-4-TP-24-2025, તા. 09/09/2025

**ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/જાંબુઘોડા તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ ૮/૨૦૨૬.**

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ ડ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો ) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ જાંબુઘોડા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત

આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે જાંબુઘોડા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ નિયમ-૪ ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ ના ફકરા ૧૧ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૫. આ સંબંધે જાંબુઘોડા તાલુકા પંચાયત માટે વર્ષ ૨૦૨૦માં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: KPV-55-DC-ELC-L-4-TP-24-2025, તા.09/09/2025 થી જાંબુઘોડા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા | ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા | | | | સ્ત્રીઓ માટે અનામત બેઠકો | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. વર્ગ | સામાન્ય (બિનઅનામત) | અ. જા. (કોલમ નં. ૪ પૈકી) | અ. .જ. જા. (કોલમ નં. ૫ પૈકી) | સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી) | સામાન્ય (કોલમ નં. ૭ પૈકી) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| પંચમહાલ | જાંબુઘોડા | ૧૬ | ૧ | ૬ | ૨ | ૭ | ૦ | ૩ | ૧ | ૪ |

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચનાઓ ધ્યાને લઇ જાંબુઘોડા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ જાંબુઘોડા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. જાંબુઘોડા તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૭/૮-જાંબુઘોડા- તા.પં.-૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫ ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/જાંબુઘોડા તા. પં./વારાફરતી ફાળવણી /યુનિટ-૮/૨૦૨૬, તા.૧૩/૦૧/૨૦૨૬નું સાંધણ**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામ: પંચમહાલ** **તાલુકા પંચાયતનું નામ: જાંબુઘોડા**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩ | ૪(૧) | ૪(૨) | ૫(૧) | ૫(૨) | ૬ |
| ૧ | જાંબુઘોડા | ૧૬ | ૧ | ચાલવડ | - | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૨ | ડુમા | ૨ | ૮ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૩ | હવેલી | - | ૧૦ | સામાન્ય સ્ત્રી |
| | | | ૪ | હિરાપૂર | - | ૯ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | | ૫ | ઝબાણ | - | ૨ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૬ | જાંબુઘોડા | ૧ | ૧૩ | સા.શૈ. પછાતવર્ગ |
| | | | ૭ | કરા | ૪ | ૧૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૮ | ખાંડીવાવ | ૩ | ૫ | અનુસૂચિત જાતિ |
| | | | ૯ | ખોડસલ | - | ૪ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૦ | નાથપુરી | ૬ | ૭ | સામાન્ય સ્ત્રી |
| | | | ૧૧ | નિઝરાન ફળિયા | - | ૧૧ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૨ | પનીયારા | - | ૩ | બિન અનામત સામાન્ય |
| | | | ૧૩ | રામપુરા | ૫ | ૧૬ | અનુસૂચિત આદિજાતિ |
| | | | ૧૪ | ઉચેટ | - | ૧૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | | ૧૫ | ઉઢવણ | - | ૧૨ | સામાન્ય સ્ત્રી |
| | | | ૧૬ | વાવ | - | ૬ | સામાન્ય સ્ત્રી |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

-------------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.23 14:31:17 IST